GOVERNMENT OF GUJARAT

LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT

# Gujarat Act No. 25 of 1976

# The Equal Remuneration Act, 1976, The Equal Remuneration Rules, 1976 and Notifications thereunder.

(As modified up to the 30th November 1998)

ગુજરાત સરકાર

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સન ૧૯૭૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૫

# સમાન મહેનતાણું અધિનિયમ, ૧૯૭૬, સમાન મહેનતાણા નિયમો, ૧૯૭૬ અને તે હેઠળના જાહેરનામા.

( સન ૧૯૯૮ના નવેમ્બર મહિનાના ૩૦મી તારીખ સુધી સુધાર્યા મુજબ )

૧૯૯૯

GOVERNMENT OF GUJARAT

LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT

# Gujarat Act No. 25 of 1976

# The Equal Remuneration Act, 1976, The Equal Remuneration Rules, 1976 and Notifications thereunder.

(As modified up to the 30th November 1998)

ગુજરાત સરકાર

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

## સન ૧૯૭૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૫

## સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬, સમાન મહેનતાણા નિયમો, ૧૯૭૬ અને તે હેઠળના જાહેરનામા.

( સન ૧૯૯૮ના નવેમ્બર મહિનાની ૩૦મી તારીખ સુધી સુધાર્યા મુજબ )


૧૯૯૮
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

વાય-૧૨૬૯-(૧)

# સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬

## અનુક્રમણિકા

## પ્રકરણ-૧

## પ્રારંભિક

કલમ


૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૨. વ્યાખ્યા.

૩. અધિનિયમની ઉપરવટ અસર.


## પ્રકરણ-૨

## પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન દરે મહેનતાણાની ચૂકવણી અને બીજી બાબતો.


૪. પુરૂષ અને સ્ત્રી કામદારોને, તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે સમાન મહેનતાણું ચૂકવવાની માલિકની ફરજ.

૫. પુરૂષ અને સ્ત્રી કામદારોની ભરતી કરતી વખતે કોઇપણ ભેદભાવ ન રાખવા બાબત.

૬. સલાહકાર સમિતિ.

૭. દાવા અને ફરિયાદોની સુનાવણી કરી નિર્ણય કરવા માટે સત્તાધિકારીઓ નીમવાની યોગ્ય સરકારની સત્તા.


## પ્રકરણ-૩

## પ્રકીર્ણ


૮. રજિસ્ટરો રાખવાની માલિકની ફરજ.

૯. ઇન્સ્પેકટરો.

૧૦. શિક્ષા.

૧૧. કંપનીઓએ કરેલા ગુના.

૧૨. ગુનાઓની ન્યાયિક નોંધ લેવા બાબત અને ઇન્સાફી કાર્યવાહી.

૧૩. નિયમો કરવાની સત્તા.

૧૪. આદેશો આપવાની કેન્દ્ર સરકારની સત્તા.

૧૫. અમુક ખાસ કિસ્સાઓમાં અધિનિયમ લાગુ ન પાડવા બાબત.

૧૬. જાહેરાત કરવાની સત્તા.

૧૭. મુશ્કેલીઓ નિવારવાની સત્તા.

૧૮. રદ કરવા બાબત અને અપવાદ.

# સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬.

(સન ૧૯૭૬નો અધિનિયમ ક્રમાંક ૨૫)

[૧૧મી ફેબ્રુઆરી, ૧૯૭૬]

**પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન મહેનતાણાની ચુકવણી માટે અને રોજગારની બાબતમાં લિંગના આધારે સ્ત્રીઓને થતા ભેદભાવ નિવારવા અને તેની સાથે સંકળાયેલા અથવા તેને આનુષંગિક બાબતોની જોગવાઇ કરવા બાબત અધિનિયમ.**

સંસદે ભારતના ગણરાજ્યના સત્યાવીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કર્યો છે.-

## પ્રકરણ-૧

## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ 'સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬' કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે, સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) તે, કેન્દ્ર સરકાર, આ અધિનિયમ પસાર થાય તેનાથી ત્રણ વર્ષથી મોડી ન હોય તેવી જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે અને જુદી જુદી સંસ્થાઓ અથવા રોજગારો માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- વ્યાખ્યા.

(ક) "સમુચિત સરકાર" એટલે,-

(૧) કેન્દ્ર સરકાર અથવા રેલવે તંત્રના સત્તામંડળ દ્વારા અથવા તેની હેઠળ ચલાવાતા કોઇપણ રોજગારના સંબંધમાં અથવા કેન્દ્રીય અધિનિયમથી અથવા તેની હેઠળ ચલાવાતી બેંકિંગ કંપની, ખાણ, તેલક્ષેત્ર, અથવા મોટા બંદર અથવા કોઇ નિગમના સંબંધમાં કેન્દ્ર સરકાર, અને;

(૨) બીજા કોઇપણ રોજગારના સંબંધમાં રાજ્ય સરકાર;

(ખ) સંસ્થા અથવા રોજગારના સંબંધમાં,"આ અધિનિયમનો આરંભ" એટલે, તે સંસ્થા અથવા રોજગારના સંબંધમાં અધિનિયમ જે તારીખે અમલમાં આવે તે તારીખ;

સન ૧૯૭૨નો ૩૯મો. (ગ) માલિકનો ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨ના ખંડ (છ) માં જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થાય છે;

(ઘ) "પુરૂષ" અને "સ્ત્રી" એટલે અનુક્રમે કોઇપણ ઉંમરના નર અને માદા મનુષ્ય;

(ચ) "જાહેરનામું" એટલે રાજપત્રમાં પ્રસિધ્ધ કરેલું જાહેરનામું;

(છ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(જ) "મહેનતાણું" એટલે રોજગારના કરારની સ્પષ્ટ કે ગર્ભિત શરતોનું પાલન કરવામાં આવ્યું હોય તો આવા રોજગારના અથવા આવા રોજગારમાં કરેલા કામના સંબંધમાં કામે રાખેલ વ્યક્તિને રોકડ અથવા વસ્તુના રૂપે જે કાંઇ ચુકવવાપાત્ર થાય તે મૂળ વેતન અથવા પગાર અને બીજા વધારાના મળતર;

(ઝ) "તેવું જ કામ અથવા તેવા જ પ્રકારનું કામ" એટલે પુરૂષ અથવા સ્ત્રી દ્વારા કામ કરવાની સમાન શરતો હેઠળ જેના સંબંધમાં એ કામ કરતી વખતે એ જ કૌશલ્ય, પ્રયાસ અને જવાબદારી જરૂરી હોય અને પુરૂષના અને સ્ત્રીના જરૂરી કૌશલ્ય, પ્રયાસ અને જવાબદારી વચ્ચે કોઇ ભેદભાવ હોય તો રોજગારની બોલીઓ અને શરતોના સંબંધમાં જેનું કોઇ પ્રત્યક્ષ મહત્વ ન હોય તે કામ.

(ટ) "કામદાર" એટલે જેના સંબંધમાં આ અધિનિયમ અમલમાં આવ્યો હોય તેવી કોઇપણ સંસ્થા અથવા રોજગારમાંનો કામદાર.

સન ૧૯૪૭નો ૧૪મો. (ઠ) આ અધિનિયમમાં વાપરેલ અને જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય પરંતુ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭માં વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગનો અર્થ, તે અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો હોય તે જ થશે.

**અધિનિયમની ઉપરવટ અસર.**

૩. આ અધિનિયમના આરંભ પહેલાં કે પછી કરેલા અન્ય કોઈપણ કાયદામાં અથવા કોઈપણ ચુકાદા, કબુલાતનામા અથવા સેવાના કરારમાંની શરતોમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ અમલમાં હોય તેવા કોઈપણ લેખમાં તેની સાથે કોઇપણ અસંગતતા હોય તે છતાં આ અધિનિયમની જોગવાઇઓ અમલમાંરહેશે.

## પ્રકરણ-૨

## પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન દરે મહેનતાણાની ચૂકવણી અને બીજી બાબતો.

**પુરૂષ અને સ્ત્રી કામદારોને તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે સમાન મહેનતાણું ચુકવવાની માલિકની ફરજ.**

૪. (૧) કોઈપણ માલિક, સંસ્થામાં અથવા રોજગારમાં પોતે કામે રાખેલા કોઈપણ કામદારને, આવી સંસ્થા અથવા રોજગારમાં તે જ કામ અથવા તેવા જ પ્રકારનું કામ કરવા માટે વિરૂધ્ધ લિંગના કામદારને પોતે જે દરે રોકડમાં કે વસ્તુના રૂપે મહેનતાણું આપેલું હોય તેનાથી ઓછા લાભદાયી દરે મહેનતાણું ચૂકવી શકશે નહિ.

(૨) કોઈપણ માલિક, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું પાલન કરવાના હેતુ માટે કોઈપણ કામદારના મહેનતાણાનો દર ઘટાડી શકશે નહિ.

(૩) સંસ્થા અથવા રોજગારમાં, પુરૂષ અથવા સ્ત્રી કામદારોને, તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે આ અધિનિયમના આરંભ પહેલાં ચૂકવવાપાત્ર મહેનતાણાના દરો, લિંગને કારણે ભિન્ન હોય ત્યારે, (જ્યાં માત્ર બે જ દર હોય તે કિસ્સામાં) સૌથી ઉંચો દર અથવા આવા દરો, આવા આરંભે અને આવા આરંભથી આવા પુરૂષ અને સ્ત્રી કામદારોને ચૂકવવાપાત્ર થાય તે દર રહેશે :

પરંતુ આ પેટા-કલમના કોઈપણ મજકૂરથી, કોઈ કામદાર, આ અધિનિયમના આરંભ પહેલાં તેણે અથવા તેણીએ બજાવેલી સેવાના સંદર્ભમાં તેને અથવા તેણીને ચુકવવાપાત્ર મહેતાણાના દરો સુધારવા માટે હકદાર છે એમ ગણાશે નહિ.

**પુરુષ અને સ્ત્રી કામદારોની ભરતી કરતી વખતે કોઈપણ ભેદભાવ ન રાખવા બાબત.**

૫. આ અધિનિયમના આરંભે અને ત્યારથી કોઇપણ માલિક તે જ કામ માટે અથવા તેવા જ પ્રકારના કામ માટે ભરતી કરતી વખતે અથવા ભરતી કર્યા પછી નોકરીની કોઇપણ શરત, જેવી કે બઢતી, તાલીમ અથવા બદલી વખતે, તે સમયે અમલમાં હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ આવા કામના સ્ત્રીઓના રોજગાર ઉપર પ્રતિબંધ મુક્યો હોય અથવા તેને નિયંત્રિત કર્યો હોય તે સિવાય, સ્ત્રીઓ પ્રત્યે કોઇ ભેદભાવ રાખી શકશે નહિ:

પરંતુ સંસ્થા અથવા રોજગારમાં જગા ઉપર ભરતી કરવાની બાબતમાં, અનુસુચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ, ભૂતપૂર્વ સૈનિક, છટણી કરેલ કર્મચારીઓ અથવા વ્યક્તિઓના કોઇ બીજા વર્ગ અથવા માટેના કોઇ અગ્રતાક્રમને અથવા અનામતને આ કલમની જોગવાઇઓથી બાધ આવશે નહિ.

**સલાહકાર સમિતિ.**

૬. (૧) સ્ત્રીઓ માટે વધુ રોજગારની તકો ઉભી કરવાની જોગવાઇ કરવાના હેતુ માટે, કેન્દ્ર સરકાર જાહેરનામા દ્વારા આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી સંસ્થાઓમાં અથવા રોજગારમાં સ્ત્રીઓને કેટલે અંશે કામે રાખી શકાય તે ધ્યાનમાં લઇને સલાહ આપવા માટે સમુચિત સરકાર, એક અથવા વધુ સલાહકાર સમિતિઓની રચના કરશે.

(૨) દરેક સલાહકાર સમિતિ સમુચિત સરકારે નિયુક્ત કરવાની ઓછામાં ઓછી દસ વ્યક્તિઓની બનશે જેમાંની એક દ્વિતિયાંશ જેટલી સ્ત્રીઓ રહેશે.

(૩) તેને સલાહ આપતી વખતે, સલાહકાર સમિતિ સંબંધિત સંસ્થા અથવા રોજગારમાં કામે રાખેલી સ્ત્રીઓની સંખ્યા, કામનો પ્રકાર, કામના કલાકો, રોજગાર માટે સ્ત્રીઓની યોગ્યતા યથાપ્રસંગ, અંશકાલિક રોજગાર સહિત, સ્ત્રીઓ માટેની વધુ રોજગારની તકો વધારવાની જોગવાઇ કરવા માટેની જરૂરીયાત અને સમિતિ યોગ્ય ગણે તેવા બીજા સંબંધિત પાસાઓને ધ્યાનમાં લેશે.

(૪) સલાહકાર સમિતિ તેની પોતાની કાર્યરીતિનું નિયમન કરશે.

(૫) સમુચિત સરકાર, સલાહકાર સમિતિએ પોતાને આપેલી સલાહ પર વિચારણા કરીને અને સંસ્થા અથવા રોજગારમાંની સંબંધિત વ્યક્તિઓને રજૂઆત કરવાની તક આપ્યા પછી,એવા સ્ત્રી કામદારોના રોજગારના સંબંધમાં સમુચિત સરકાર યોગ્ય ગણે એવા આદેશો કાઢી શકશે.

૭. (૧) સમુચિત સરકાર, જાહેરનામા દ્વારા– દાવા અને ફરિયાદોની સુનાવણી કરી નિર્ણય કરવા માટે સત્તાધિકારીઓ નીમવાની સમુચિત સરકારની સત્તા.

(ક) આ અધિનિયમની કોઇપણ જોગવાઇના ઉલ્લંઘનને લગતી ફરિયાદોની.

(ખ) પુરૂષ અને સ્ત્રી કામદારોને તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે વેતનની સમાનદરે બિનચૂકવણીમાંથી ઉપસ્થિત થતા દાવાઓની, સુનાવણી કરી નિર્ણય કરવાના હેતુ માટે પોતે યોગ્ય ગણે તેવા સત્તાધિકારી તરીકે મજુર અધિકારીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓ નીમી શકશે અને તે જ અથવા ત્યારપછીના જાહેરનામાથી, તેવા દરેક સત્તાધિકારીએ જે સ્થાનિક હદમાં પોતાની હકૂમત વાપરવી જોઇશે તે સ્થાનિક હદો નક્કી કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ દરેક ફરિયાદ અથવા દાવો ઠરાવવામાં આવે તેવી રીતે કરવો જોઇશે.

(૩) બે કે તેથી વધારે કામો તે જ કામ અથવા તેવા જ પ્રકારના છે કે કેમ તે અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો, તેનો નિર્ણય પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલ સત્તાધિકારી કરશે.

(૪) પેટા-કલમ (૧)હેઠળ નિમાયેલ સત્તાધિકારીને ફરિયાદ અથવા દાવો કરવામા આવે ત્યારે, અરજદાર અને માલિકને સુનાવણીની તક આપ્યા પછી અને પોતે જરૂરી ગણે એવી તપાસ કર્યા પછી,-

૧. પુરૂષ અને સ્ત્રી કામદારોને તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે વેતનની સમાન દરે બિનચૂકવણીમાંથી ઉપસ્થિત થતા દાવાના કિસ્સામાં, કામદારને ચૂકવવાપાત્ર વેતન ખરેખર ચુકવેલી રકમ કરતાં જેટલું વધારે થતું હોય તેટલી રકમની ચુકવણી કરવાનો;

૨. ફરિયાદના કિસ્સામાં, આ અધિનિયમની કોઇપણ જોગવાઇનું ઉલ્લંઘન થતું નથી તેની ખાતરી કરવા માટે માલિકને પૂરતાં પગલાં લેવાનો આદેશ આપી શકશે.

સન ૧૯૦૮ના ૫મો. સન ૧૯૭૪નો ૨ જો.

(૫) પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલ દરેક સત્તાધિકારીને પુરાવા લેવાની અને સાક્ષીઓને હાજર રાખવાની અને દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવાના હેતુ માટે, દિવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળની દિવાની ન્યાયાલયની તમામ સત્તા રહેશે અને એવા દરેક સત્તાધિકાર 'ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ ૧૯૫ અને પ્રકરણ ૨૬ના તમામ હેતુઓ માટે દિવાની ન્યાયાલય છે એમ ગણાશે.

(૬) પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલા સત્તાધિકારીઓ કોઇ કરેલા હુકમથી નારાજ થયેલ કોઇપણ માલિક અથવા કામદાર, ફરિયાદ અથવા દાવા ઉપરના હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર સમુચિત સરકાર જાહેનામાથી આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારીને અપીલ કરી શકશે અને તે સત્તાધિકારી, અપીલની સુનાવણી કર્યા પછી, જેની સામે અપીલ થઇ હોય તે હુકમ બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તેને ઉલટાવી શકશે અને તેવા સત્તાધિકારીએ કરેલા હુકમની સામે કોઇ બીજી અપીલ થઇ શકશે નહિ.

(૭) પેટા-કલમ (૬)માં ઉલ્લેખેલા સત્તાધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનારને, પેટા-કલમ (૬)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર અપીલ કરવા માટે પૂરતા કારણસર અટકાવવામાં આવ્યો હતો તો, વધુ ત્રીસ દિવસની મુદતના અંદર અપીલ કરવાની છૂટ આપી શકશે, પરંતુ ત્યાર પછી નહિ.

સન ૧૯૪૭નો ૧૪મો.

(૮) ઔદ્યોગિક તકરાર અધિનિયમ,૧૯૪૭ની કલમ ૩૩(ગ)ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ, આ કલમ હેઠળ નિમાયેલ સત્તાધિકારીના નિર્ણયથી ઉપસ્થિત થતી માલિક પાસેથી લેણા નાણાંની વસૂલાતને લાગુ પડશે.

## પ્રકરણ-૩

### પ્રકીર્ણ

રજિસ્ટરો રાખવાની માલિકોની ફરજ.

૮. આ અધિનિયમના આરંભે અને આરંભથી દરેક માલિક પોતે કામે રાખેલા કામદારોના સંબંધમાં ઠરાવવામાં આવે તેવા રજિસ્ટરો અને બીજા દસ્તાવેજો રાખવા જોઇશે.

ઇન્સ્પેક્ટર.

૯. (૧) સમુચિત સરકાર, જાહેરનામાથી આ અધિનિયમની જોગવાઇઓ અથવા તે હેઠળ કરેલા નિયમોનું માલિકો દ્વારા પાલન થઇ રહ્યું છે કે કેમ તે અંગે અન્વેષણ કરવાના હેતુ માટે પોતે જરૂરી ગણે તેવી વ્યક્તિને ઇન્સ્પેક્ટર તરીકે નિમી શકશે અને જે સ્થાનિક હદમાં ઇન્સ્પેક્ટર આવું અન્વેષણ કરી શકે તે હદો નક્કી કરી શકશે.

(૨) દરેક ઇન્સ્પેક્ટર ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

(૩) ઇન્સ્પેક્ટર, પોતાની હકૂમતની સ્થાનિક હદમાંના કોઇપણ સ્થળ,-

(ક) પોતે યોગ્ય ગણે તેવી સહાય લઇને કોઇપણ વાજબી સમયે, કોઇ મકાન, કારખાના, જગા અથવા વહાણમાં પ્રવેશ કરી શકશે.

(ખ) કામદારોના રોજગારને લગતા કોઇપણ રજિસ્ટર, હાજરીપત્રક અથવા બીજા દસ્તાવેજો રજૂ કરવા માટે માલિકને ફરમાવી શકશે અને એવા દસ્તાવેજો તપાસી શકશે.

(ગ) આ અધિનિયમનું પાલન થઇ રહ્યું છે અથવા કરવામાં આવ્યું છે કે કેમ તે નક્કી કરવાના હેતુ માટે સ્થળ ઉપર જ અથવા બીજા સ્થળે કોઇપણ વ્યક્તિ પાસેથી પુરાવો લઇ શકશે.

(ઘ) માલિક, તેનો એજન્ટ અથવા નોકરને અથવા તેની સાથે સંકળાયેલ કોઇ સંસ્થા અથવા જગાનો હવાલો ધરાવતી જણાય તેવી બીજી કોઇપણ વ્યક્તિને અથવા જે કોઇ વ્યક્તિ સંસ્થામાં કામદાર હોવાનું અથવા હોય તેવું માનવાને ઇન્સ્પેક્ટરને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યક્તિઓને તપાસી શકશે.

(ચ) આ અધિનિયમ હેઠળ સંસ્થાના સંબંધમાં રાખેલા કોઇપણ રજિસ્ટર અથવા બીજા દસ્તાવેજોની નકલો કરી શકશે અથવા તેમાંથી ઉતારા કરી શકશે.

(૪) જેને કોઇપણ રજિસ્ટર અથવા બીજા દસ્તાવેજ રજૂ કરવાનું અથવા માહિતી આપવાનું ઇન્સ્પેક્ટર ફરમાવે તેવી કોઇપણ વ્યક્તિએ આ ફરમાનનું પાલન કરવું જોઇશે.

૧૦. (૧) આ અધિનિયમના આરંભ પછી, અધિનિયમથી અથવા તે હેઠળ ફરમાવવામાં આવે તેવા કોઇપણ માલિક,-

(ક) પોતે કામે રાખેલા કામદારો સંબંધી કોઇપણ રજિસ્ટર અથવા બીજા દસ્તાવેજ ન રાખે અથવા રાખવામાં કસૂર કરે; અથવા

(ખ) કામદારોના રોજગાર સંબંધમાં કોઇપણ રજિસ્ટર, હાજરીપત્રક અથવા બીજા દસ્તાવેજ રજૂ ન કરે અથવા રજૂ કરવામાં કસૂર કરે; અથવા

(ગ) કોઇપણ પુરાવો ન આપે અથવા આપવાની ના પાડે અથવા તેના એજન્ટ, નોકર અથવા સંસ્થાનો હવાલો સંભાળતી કોઇપણ વ્યક્તિને અથવા કોઇપણ કામદારને પુરાવો આપતી અટકાવે; અથવા

(ઘ) કોઇપણ માહિતી ન આપે અથવા આપવાની ના પાડે

તો, તે એક મહિના સુધીની સાદી કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

(૨) આ અધિનિયમના આરંભ પછી, કોઈપણ માલિક–

(ક) આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કોઈ ભરતી કરે, અથવા

(ખ) પુરુષ અને સ્ત્રી કામદારોને તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે વેતનની અસમાન દરે ચૂકવણી કરે,અથવા

(ગ) આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, પુરુષ અને સ્ત્રી કામદારો પ્રત્યે ભેદભાવ રાખે, અથવા

(ઘ) સમુચિત સરકારે કલમ ૬ની પેટા-કલમ (૫) હેઠળ કરેલા કોઈપણ આદેશનો અમલ કરવામાં ચૂક કરે અથવા તેનો અમલ ન કરે

તો તે, પ્રથમ ગુના માટે દસ હજાર રુપિયાથી ઓછા ન હોય તેટલા પરંતુ વીસ હજાર રુપિયા સુધીના દંડની અથવા ત્રણ મહિનાથી ઓછી ન હોય તેટલી પરંતુ એક વર્ષ સુધીની કેદની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે અને બીજા અથવા ત્યાર પછીના ગુનાઓ માટે બે વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે.

(૩) કોઈ વ્યક્તિ, તેને ફરમાવ્યા પ્રમાણે ઈન્સ્પેકટર સમક્ષ કોઈ રજિસ્ટર અથવા બીજા દસ્તાવેજ રજૂ કરવામાં કસૂર કરે અથવા માહિતી ન આપે અથવા આપવાની ના પાડે તો, તે પાંચસો રૂપિયા સુધીની દંડની શિક્ષાને પાત્ર થશે.

૧૧. (૧) આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે જે સમયે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે જે વ્યક્તિ કંપનીના કામકાજના સંચાલન કરવા માટે કંપનીનો હવાલો ધરાવતી હોય અને કંપનીને જવાબદાર હોય તે વ્યક્તિ તે ગુના માટે દોષિત ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવાને અને તદ્નુસાર શિક્ષાને પાત્ર થશે: કંપનીઓએ કરેલા ગુના.

પરંતુ આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી, એવી કોઈ વ્યક્તિ, જો તે એમ પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હતી તો, તે કોઈ શિક્ષાને પાત્ર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને એમ પુરવાર કરવામાં આવે કે એવો ગુનો એ કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારીની સંમતિથી અથવા તેઓની મુક સંમતિથી અથવા તેઓના પક્ષે કોઈ બેદરકારીના કારણે થયો હતો તો, એવા કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારી તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની વિરૂધ્ધ કામ ચલાવી શકાશે અને તદ્નુસાર તેઓ શિક્ષાને પાત્ર થશે.

**સ્પષ્ટીકરણ** :–આ કલમના હેતુઓ માટે–

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા ઓસોશિએશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેકટર" એટલે પેઢીમાંનો ભાગીદાર.

૧૨. (૧) મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈપણ ન્યાયાલયથી, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે નહિ. ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત અને ઈન્સાફી કાર્યવાહી કરવા બાબત.

(૨) કોઈપણ ન્યાયાલય–

(ક) પોતાની જાણમાં હોય અથવા સમુચિત સરકારે અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા અધિકારીએ ફરિયાદ કરી હોય; અથવા

(ખ) ગુનાથી નારાજ થયેલી કોઈ વ્યક્તિએ અથવા માન્ય કલ્યાણ સંસ્થા અથવા સંગઠને ફરિયાદ કરી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ.

**સ્પષ્ટીકરણ** :–આ પેટા-કલમના હેતુઓ માટે "માન્ય કલ્યાણ સંસ્થા અથવા સંગઠન" એટલે કેન્દ્ર અથવા રાજ્ય સરકારે આ અર્થે માન્ય કરેલ "સમાજ કલ્યાણ સંસ્થા અથવા સંગઠન."

નિયમો કરવાની સત્તા.

૧૩. (૧) કેન્દ્ર સરકાર, જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવાના હેતુ માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને, અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :–

(ક) કલમ ૭ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ ફરિયાદ અથવા દાવો કરવાની રીત બાબત;

(ખ) માલિક પોતે કામે રાખેલા કામદારોના સંબંધમાં કલમ ૮ હેઠળ રાખવા ફરમાવ્યું હોય તેવા રજિસ્ટરો અને બીજા દસ્તાવજો બાબતઃ-

(ગ) ફરમાવવામાં આવે તેવી અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે કરેલો દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે સંસદના દરેક ગૃહ સમક્ષ, એક જ સત્રમાં, અથવા લાગલગાટ બે કે વધુ સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે અને ઉપર્યુક્ત સત્ર અથવા લાગલગાટ સત્રોથી તરત પછીનું સત્ર પુરું થતાં પહેલાં, બન્ને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બન્ને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઈએ નહિ તો, તે નિયમ ત્યાર પછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરુપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ પણ એવો કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઈપણ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

કેન્દ્ર સરકારની આદેશો આપવાની સત્તા.

૧૪. કેન્દ્ર સરકાર, રાજ્યમાં આ અધિનિયમની જોગવાઈ અમલમાં લાવવા સંબંધી રાજ્ય સરકારને આદેશો આપી શકશે.

અમુક ખાસ કિસ્સાઓમાં અધિનિયમ લાગુ ન પાડવા બાબત.

૧૫. આ અધિનિયમમાંનો કોઈપણ મજકૂર,–

(ક) સ્ત્રીઓને ખાસ સવલત આપતા કોઈપણ કાયદાની જરૂરિયાતોનું પાલન કરવામાં સ્ત્રીઓના રોજગારની બોલીઓ અને શરતોને અસર કરતા કિસ્સાઓને; અથવા

(ખ) (૧) બાળકના જન્મ અથવા સંભવિત જન્મના સંબંધમાં; અથવા

(૨) નિવૃત્તિ, લગ્ન અથવા મૃત્યુ અથવા નિવૃતિ, લગ્ન અથવા મૃત્યુને તેના સંબંધમાં, સ્ત્રીઓને અપાતી કોઈ ખાસ સવલતોને લાગુ પડશે નહિ.

૧૬. સમુચિત સરકારને, કેસના તમામ સંજોગોને વિચારણામાં લેતા એવી ખાતરી થાય કે કોઈપણ સંસ્થામાં અથવા રોજગારમાં પુરુષ અને સ્ત્રી કામદારોના મહેનતાણા અથવા અમુક નિર્દિષ્ટ મહેનતાણા સંબંધી તફાવત લિંગ સિવાયના પરિબળ પર આધારિત છે, તો તે, જાહેરનામા દ્વારા એવી મતલબની જાહેરાત કરી શકશે કે એવા તફાવતના લીધે માલિકના કોઈપણ કૃત્યથી, આ અધિનિયમની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન થાય છે એમ ગણાશે નહિ. જાહેરાત કરવાની સત્તા.

૧૭. આ અધિનિયમની જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો, કેન્દ્ર સરકાર જાહેરનામાથી,મુશ્કેલી નિવારવા માટે પોતાને જરૂરી જણાય તેવો આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવો કોઈ હુકમ કરી શકશે: મુશ્કેલી નિવારવાની સત્તા.

પરંતુ એવો દરેક હુકમ, તે કર્યા પછી, બનતી ત્વરાએ સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવો જોઈશે.

સન ૧૯૭૫નો ૧૨મો.

૧૮. (૧) સમાન મહેનતાણા વટહુકમ, ૧૯૭૫ આથી રદ કરવામાં આવે છે. રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોય તે છતાં, એવી રીતે રદ કરેલા વટહુકમ (તે હેઠળ કરેલ કોઈપણ જાહેરનામું નિયુક્તિ, નિમણૂક, હુકમ અથવા આદેશ સહિત) હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલ કોઈપણ પગલું, તે કૃત્ય કરવામાં આવ્યું હોય અથવા પગલું લેવામાં આવ્યું હોય ત્યારે, જાણે કે આ અધિનિયમ અમલમાં હતો તેમ આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલ છે કે લીધેલ છે એમ ગણાશે.

# સમાન મહેનતાણા નિયમો, ૧૯૭૬

## અનુક્રમણિકા

### પ્રકરણ ૧

### પ્રારંભિક


કલમ

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ .. .. ..

૨. વ્યાખ્યા. .. .. ..


### પ્રકરણ ૨

### અધિનિયમ હેઠળની ફરિયાદ અને દાવા


૩. અધિનિયમના ઉલ્લંઘન સંબંધી ફરિયાદો. .. ..

૪. વેતન વિ.ની ચૂકવણી ન કરવા સંબંધી દાવો. .. ..

૫. અધિકારપત્ર.


### પ્રકરણ ૩

### રજિસ્ટરો રાખવા બાબત


૬. માલિકે રજિસ્ટર રાખવા બાબત. .. ..

નમૂના. .. ..

જાહેરનામાં. .. ..


---

વાય-૧૨૬૯-૩

# સમાન મહેનતાણા નિયમો, ૧૯૭૬

## પ્રકરણ-૧

### પ્રારંભિક

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ નિયમો સમાન મહેનતાણા નિયમો, ૧૯૭૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,–

(ક) "અધિનિયમ" એટલે સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો ૨૫મો);
(ખ) "સત્તાધિકારી" એટલે કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ સમુચિત સરકારે નીમેલ સત્તાધિકારી;
(ગ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;
(ઘ) "કલમો" એટલે અધિનિયમની કલમ;
(ચ) "રજિસ્ટર થયેલ કામદાર સંઘ" એટલે કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ (સન ૧૯૨૬નો ૧૬મા) હેઠળ રજિસ્ટર થયેલ કામદાર સંઘ

## પ્રકરણ ૨

### અધિનિયમ હેઠળની ફરિયાદ અને દાવો

**૩. અધિનિયમના ઉલ્લંઘન સંબંધી ફરિયાદો.**–(૧) કલમ ૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) હેઠળની દરેક ફરિયાદ, સત્તાધિકારીને નમૂના "ક" મુજબ ત્રણ નકલમાં કરવી જોઈશે.

(૨) કામદારનો સમૂહ, જો તેઓને એક જ સંસ્થામાં કામે રાખેલા હોય અને એક જ ઉલ્લંઘનને લગતી ફરિયાદ હોય તો, અથવા તેના વતી અથવા તેના સંબંધી એક જ ફરિયાદ કરી શકાશે.

(૩) કામદાર, પોતે અથવા કોઈપણ કાયદા વ્યવસાયી અથવા હાજર રહેવા અને પોતાના વતી કાર્ય કરવા માટે તેણે/તેણીએ લેખિતમાં અધિકૃત કરેલ રજિસ્ટર થયેલ કામદાર સંઘનો કોઈપણ હોદ્દેદાર અથવા કલમ ૯ હેઠળ કોઈપણ ઈન્સ્પેકટર અથવા સત્તાધિકારીની પરવાનગીથી કામ કરતી બીજી કોઈપણ વ્યક્તિ ફરિયાદ કરી શકશે.

**૪. વેતન વિ. ની ચૂકવણી ન કરવા સંબંધી દાવો.**–(૧) કલમ ૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ખ) હેઠળની દરેક ફરિયાદ, સત્તાધિકારીને, "નમૂના ખ" મુજબ ત્રણ નકલમાં અરજી કરીને કરવી જોઈશે.

(૨) કામદારનો સમૂહ, જો તેમને એક જ સંસ્થામાં કામે રાખેલા હોય અને તેમનો દાવો એકજ પ્રકારનો હોય તો, તેઓ અથવા તેમના વતી અથવા તેમના સંબંધમાં એક જ ફરિયાદ કરી શકાશે.

(૩) કામદાર, પોતે અથવા કોઈપણ કાયદા વ્યવસાયી અથવા તેની/ તેણીની વતી હાજર રહી કાર્ય કરવા માટે લેખિતમા અધિકૃત કરેલ, રજિસ્ટર થયેલ કામદાર સંઘનો હોદ્દેદાર અથવા કલમ ૯ હેઠળ, નીમેલ કોઈપણ ઈન્સ્પેક્ટર અથવા સત્તાધિકારીની પરવાનગીથી, કામ કરતી બીજી કોઈપણ વ્યક્તિ ફરિયાદ કરી શકશે.

૫. **અધિકારપત્ર:**– નિયમ ૩ના પેટા-નિયમ (૩) અથવા નિયમ ૪ના પેટા-નિયમ (૩)માં ઉલ્લેખેલ અધિકારપત્ર નમૂના 'ગ' મુજબ હોવું જોઈશે જેને, યથાપ્રસંગ, એવી ફરિયાદ અથવા દાવો કર્યો હોય તે સત્તાધિકારી સમક્ષ આવી ફરિયાદ અથવા દાવા સાથે રજૂ કરવું જોઈશે અને રેકર્ડનો ભાગ બનશે.

## પ્રકરણ ૩
### રજિસ્ટરો રાખવા બાબત.

૬. **માલિકે રજિસ્ટર રાખવા બાબત.**– દરેક માલિકે, પોતે કામે રાખેલા કામદારના સંબંધમાં, જ્યાં કામદારોને કામે રાખ્યા હોય તે સ્થળે નમૂના "ઘ" મુજબનું એક રજિસ્ટર રાખવું જોઈશે.

**નમૂનો ક**
(ત્રણ નકલમાં રજૂ કરવો)
(જુઓ નિયમ ૩(૧))

**સમાન મહેનતાણા અધિનિયમ (સન ૧૯૭૬ના ૨૫માની કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ ખંડ (ક) હેઠળની ફરિયાદ.**

પ્રતિ,

કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલ સત્તાધિકારી.

(સરનામું) ______________________________

ક. ______________________________
ફરિયાદી/ફરીયાદીઓ ______________________________
પૂરું સરનામું.

વિ.

ખ ______________ સામાવાળા ______________
પૂરુ સરનામું ______________________________

ફરીયાદી/ફરિયાદીઓ એવી ફરિયાદ કરે છે કે સામાવાળાને નીચે જણાવ્યા મુજબ સમાન મહેનતાણા અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન માટે દોષિત ઠરાવવામાં આવ્યા છે–

(અહીં જે રીતે ઉલ્લંઘન થયાનું કહેવાતું હોય તે રીત અને ફરિયાદનું સમર્થન કરતા કારણો દર્શાવતી વિગતો ટૂંકમાં જણાવવી)

તદનુસાર ફરિયાદી/ફરિયાદીઓ એવી વિનંતી કરે છે કે ______________
સત્તાધિકારીઓએ ઉપર જણાવેલી ફરિયાદનો નિર્ણય કરવો અને તેના પર પોતે યોગ્ય અને ઉચિત ગણાય એવો તેના ઉપર હુકમ અથવા હુકમો કરવા.

સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬ના નિયમ ૩ના પેટા-નિયમ (૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે, ફરિયાદની નકલો (તેના પરિશિષ્ટ સાથે) અત્રે સાદર કરી છે.

ફરિયાદી/ફરિયાદીઓ ગંભીરતાપૂર્વક જાહેર કરે છે કે આ ફરિયાદમાં જણાવેલી હકીક્તો તેની/તેણીની/તેમની ઉત્તમ જાણ, માન્યતા અને માહિતી મુજબ સાચી છે. ફરિયાદી(ઓ)ની સહી (ઓ)/અંગુઠાનું નિશાન મને ______________
* (અહીં કામદાર/કામદારોનું નામ દાખલ કરવું) તેના/તેણીની તેમના વતી હાજર રહેવા અને કામ કરવા લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવ્યો છે.

**કાયદા વ્યવસાયીની/**
**કામદાર સંઘના યોગ્ય રીતે**
**અધિકૃત થયેલ હોદેદારની સહી.**

સ્થળ :
તારીખ :

---

* લાગુ ન પડતું હોય તે આ ભાગ છેકી નાખવો.

## નમૂનો ખ

(ત્રણ નકલમાં રજૂ કરવો)

(જુઓ નિયમ ૪ (૧) )

**સમાન મહેનતાણા અધિનિયમ (સન ૧૯૭૬ના ૨૫મા)ની કલમ ૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળનો દાવો.**

પ્રતિ,
કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલ સત્તાધિકારી.

સરનામુ ________________
________________
________________
________________

ક ________________________ફરિયાદી/ફરિયાદીઓ
________________________પૂરેપૂરું સરનામું

વિ

ખ ________________________સામાવાળા
________________________પૂરેપૂરું સરનામું

ઉપર જણાવેલ અરજદાર/અરજદારો નીચે પ્રમાણે જણાવે છે :–

(૧) અરજદાર (રો) ને ______________ થી ______________ સુધી ______________(કક્ષા) તરીકે શ્રી/મેસર્સ/(માલિકનું નામ અને સરનામું એ કામે રાખેલ હતા/છે.

(૨) સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના ૨૫મા) ની કલમ ૨ના ખંડ (ગ) ના અર્થ મુજબ સામાવાળા માલિક છે.

(૩) __________ થી __________ સુધીનું અરજદાર (રો) ને તે જ કામ અથવા સમાન પ્રકારના કામ માટે વિરુધ્ધ જાતિના કામદારોને આપ્યા હોય તે જ સમાન/દરે વેતન ચૂકવવામાં આવ્યું ન હતું/ચૂકવવામાં આવ્યું નથી.

(૪) અરજદાર (રો)ને ................દરે વેતન ચુકવેલ હતું/ચૂકવવામાં આવેલું. જ્યારે વિરુધ્ધ જાતિના કામદારને સદરહુ મુદત દરમિયાન તે જ કામ અથવા તેવા જ પ્રકારના કામ માટે............... ના દરે ચૂકવવામાં આવ્યું ન હતું/આવ્યું નથી.

(૫) અરજદારે/અરજદારો તેણે/તેમણે માંગેલ રાહતનું મૂલ્ય રૂા. ........................(રૂપિયા ............................................શબ્દોમાં) અંદાજ્યું છે.

(૬) તેથી અરજદાર (રો) એવી વિનંતી કરે છે કે સત્તાધિકારીએ ઉપર જણાવેલ દાવાનો નિર્ણય કરવો અને પોતે યોગ્ય ગણે તેવો તેના ઉપર હુકમ/હુકમો કરવા.

(૭) અરજદાર (રો) સત્તાધિકારીની પરવાનગીથી જો અને જ્યારે જરૂર જણાય તો અને ત્યારે અરજમાં સુધારો કરવાની અથવા ઉમેરવાની અથવા ફેરફાર કરવાની પરવાનગી માગે છે.

અરજદાર (રો) ગંભીરતાપૂર્વક એવું જાહેર કરે છે કે આ અરજીમાં દર્શાવેલી હકીકતો, તેની/તેણીની/તેમની ઉત્તમ જાણ,માન્યતા અને માહિતી મુજબ ખરી છે.

અરજદાર (રો) ની સહી/
અંગુઠાનું નિશાન

* મને.................. (અહીં કામદાર/કામદારોનું નામ દાખલ કરવું) એ તે/તેણીના/તેમના વતી હાજર રહેવા અને કામ કરવા લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવ્યો છે.

કાયદા વ્યવસાયીની/રજીસ્ટર થયેલ
કામદાર સંઘના યોગ્ય રીતે અધિકૃત
કરેલ હોદેદારની સહી.

સ્થળ :

તારીખ :

---

* લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

---

# નમૂનો ગ

(જુઓ નિયમ ૫ )

**કાયદા વ્યવસાયી અથવા રજિસ્ટર થયેલ કામદાર સંઘના કોઈપણ હોદેદારમાં તરફેણની અધિકૃતિનો નમૂનો.**

હું/અમે આથી શ્રી/શ્રીમતી/કુમારી..........................................................................

કાયદા વ્યવસાયીને રજિસ્ટર થયેલ કામદાર સંઘના......................................હોદેદારને................................ (અધિનિયમનો ભંગ જણાવવો) ને લીધે ........................................(માલિકનું નામ દર્શાવવું)ની સામે કરેલાં ફરિયાદ/દાવાના સંબંધમાં,* નિયમ ૩ના પેટા-નિયમ (૩) અથવા નિયમ ૪ના પેટા-નિયમ (૩) હેઠળ, મારા/અમારા વતી હાજર રહી કામ કરવા માટે, અધિકૃત કરું છું.

કામદાર (રો)ની સહી/અંગુઠાનું નિશાન.

સ્થળ :

તારીખ :

સાક્ષીઓ (૧)

(૨)

(૩)

* કાયદા વ્યવસાયી
રજિસ્ટર થયેલ કામદાર સંઘનો હોદેદાર

હું અધિકારપત્ર સ્વીકારું છું.

સ્થળ :

તારીખ :

---

* લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

નમૂનો ઘ

(જુઓ નિયમ ૬)

## સમાન મહેનતાણા નિયમો, ૧૯૭૬ના નિયમ ૬ હેઠળ માલિકે રાખવાનું રજિસ્ટર

સંસ્થાનું નામ પૂરેપૂરા સરનામા સાથે ........................................................

કામે રાખેલા કામદારોની કુલ સંખ્યા ........................................................

કામે રાખેલા પુરુષ કામદારોની કુલ સંખ્યા ..............................................

કામે રાખેલા સ્ત્રી કામદારોની કુલ સંખ્યા ..................................................

| | | | | | મહેનતાણાનો ભાગ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કામદારોનો વર્ગ | કામનું સંક્ષિપ્ત વર્ણન | કામે રાખેલા માણસોની સંખ્યા | કામે રાખેલી સ્ત્રીઓ ની સંખ્યા | ચૂકવાયેલ મહેનતાણા નો દર | મૂળ વેતન અથવા પગાર | મોંઘવારી ભથ્થું | ઘરભાડા ભથ્થું | અન્ય ભથ્થા | આવશ્યક ચીજવસ્તુઓ રાહતદરે પૂરા પાડવા- રોકડ મૂલ્ય. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

1

## જાહેરનામું

તા. ૨૮મી જાન્યુઆરી, ૧૯૮૧

ક્રમાંક : એસ. ઓ. ૬૮ (ઈ) .— સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના ૨૫મા)ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ કેન્દ્ર સરકાર, આથી, મુખ્ય શ્રમ કમિશનર (કેન્દ્રીય) ન્યુ દિલ્હીને સમગ્ર ભારત માટે, સદરહુ અધિનિયમની કલમ ૨ના ખંડ (ક) (૧) હેઠળ જેના સંબંધમાં કેન્દ્ર સરકાર સમુચિત સરકાર હોય તેવા કોઈપણ રોજગારના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટેની ફરિયાદ કરવાની મંજૂરી આપવા માટે અધિકૃત કરે છે.

---

## જાહેરનામું

તા. ૨૬મી ડિસેમ્બર, ૧૯૮૯

ક્રમાંક : એસ. ઓ. ૧૪૩.— સમાન મહેનતાણા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના ૨૫મા)ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) અને ભારત સરકારના, શ્રમ મંત્રાલયના તા. ૨૬મી એપ્રિલ, ૧૯૮૫ના હુકમ ક્રમાંક એસ. ઓ. ૨૦૯૨ને રદ કરીને, કેન્દ્ર સરકાર, આથી, આવી રીતે રદ કર્યા પહેલા કરેલ કૃત્ય અથવા કરવાનું છોડી દીધેલ કૃત્યને બાકાત રાખીને સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળના ગુનાઓના સંબંધમાં ન્યાયાલયોમાં ફરિયાદો દાખલ કરવા માટે, શ્રમ અમલ બજવણી અધિકારીઓ (કેન્દ્રીય)ને અધિકૃત કરે છે.

---

## જાહેરનામું

### શિક્ષણ અને શ્રમ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી જુલાઈ, ૧૯૭૬.

**સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬.**

નં. કેએચ/એસ-૨/૬૪૩/ટીઆરએ/૧૦૭૬/૭૮૮૧૨/(૧)/એમ. — ૧૯૭૬ના સમાન વેતન અધિનિયમ, (૧૯૭૬ના ૨૫મા)ની કલમ ૭ની પેટા-કલમ (૧)થી આપવામાં આવેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી ઉક્ત પેટા-કલમ (૧)ના હેતુઓ માટે તમામ સરકારી શ્રમ અધિકારીઓને નિયુક્ત કરે છે અને તેમના સંબંધિત હકૂમત ક્ષેત્રની મર્યાદા, એ સ્થાનિક મર્યાદા હોવાનું નક્કી કરે છે કે જેમાં રહીને આવા દરેક સત્તાધિકારીએ તેમની સત્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
બી. વી. રાવલ,
સેકશન અધિકારી,
શિક્ષણ અને શ્રમ વિભાગ.

---

## જાહેરનામું

### શિક્ષણ અને શ્રમ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૭૬.

**સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬.**

ક્રમાંક : કેએચ-એસએચ-૭૭૦/ઈઆરએ-૧૦૭૬-૭૮૮૧૨-(૪)એમ. —સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬ના ૨૫મા)ની કલમ ૧૨ની પેટા કલમ (૨)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી ઉક્ત પેટા-કલમ (૨) માટે ગુજરાત રાજ્યના શ્રમ આયુક્તને અધિકૃત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
બી. વી. રાવલ,
સેકશન અધિકારી,
શિક્ષણ અને શ્રમ વિભાગ.

---

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૫.

સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : કેએચ-આર-૧૭૧-ઈઆરએ-૧૦૭૬-૧૯૧૫૭ (૮૪) એમ-૩.--સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬નો અધિનિયમ ૨૫)ની કલમ ૭ની પેટા કલમ (૬)થી મળેલ સત્તાની રૂએ અને એ અંગે અગાઉ બહાર પાડવામાં આવેલ તમામ જાહેરનામાં રદ કરીને, ગુજરાત સરકાર, આથી તમામ મદદનીશ શ્રમ આયુક્તને ઉક્ત અધિનિયમ માટે તેમના હકૂમત ક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારો માટે અપીલ અધિકારીઓ તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,
**આર. કે. લખનપાલ**
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

---

ભારત સરકાર
શ્રમ મંત્રાલય
જાહેરનામું
નવી દિલ્હી, તા. ૨૨મી જૂન, ૧૯૮૮

ક્રમાંક : જી. એસ. આર. ૭૨૬ (ઈ) . — સમાન વેતન અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ની ૨૫મા)ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના સ્પષ્ટીકરણથી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી ઉક્ત કલમની પેટા-કલમ ૨ના ખંડ (ખ)ના હેતુ માટે નીચેના સમાજ કલ્યાણ સંગઠનોને માન્યતા આપે છે.

૧. મહિલા વિકાસ અભ્યાસકેન્દ્ર, નવી દિલ્હી.
૨. સ્વરોજગાર કરતી મહિલાઓનું મંડળ, અમદાવાદ.
૩. વ્યવસાયી મહિલાઓનું ફોરમ (ભારત), મદ્રાસ.
૪. સામાજિક અભ્યાસ ટ્રસ્ટ સંસ્થા, નવી દિલ્હીને આપે છે.

**જગદીશ જોશી,**
મહા નિયામક અને સંયુક્ત સચિવ મજૂર કલ્યાણ,
(નં. એસ-૨૭૦૧૨ (૧) ૮૬ મહિલા એકમ)

---

બાહ્ય-૨૨૬૮-૫

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર